અપીલ અરજી નં.૩૪૭ તા.૭/૧૭–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી સુરેશ.એમ.પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ.એમ.પટેલ ની તા.૧–૧–૨૦૧૧ ની અરજીથી વન અને પર્યાવરણ વિભાગ નાયબસચિવશ્રીએ કમાંક્ર–ઈએનવી–૧૦૨૦૦૯–૧૦૨૭ –ઈ તા.૨૮/૭/૦૯ ના રોજ સુ.મ.પા.ને પત્ર રવાના કરવામાં આવેલ આ પત્રના અનુસંધાનમાં સુ.મ.પા.ના કમિશ્નરે વન અને પર્યાવરણ વિભાગના નાયબ સચિવના ૨૮/૭/૦૯ ના પત્રનો ફેરવિચારણા માટે સે.ઝોન– આરટીઆઈ આ.નં .૮૮૫–તા.૧/૧૦/૦૯ થી પત્ર રવાના કરેલ જે પત્ર વન અને પર્યાવરણ વિભાગે માન્ય ન રાખી શ્રી મૌલીક ખરાડીએ કમાંક–આરટીઆઈ–૧૦૨૦૧૦–આરટીઆઈ–૧૧–ઈ.તા.૫/૧૦/૧૦ ના પત્રમા જવાબદારી સુ.મ.પા. ના કમિશ્નરની જ નકકી કરેલ હોય તેવુ ચોખ્ખુ જણાવેલ હોય તેમ છતાં સુ.મ.પા.ના કાર્યપાલક ઈજનેરે સુ.મ.પા.ની રહેઠાણવાળી હદમાં ચાલતા તમામ જરી ગીલીટના એકમોવાળા કારખાનાઓ કે જેમાં જવલનશીલ પદાર્થોના વપરાશના કારણે કેમીકલ્સની તીવ વાસ આવે તેમજ જરીની મશીનરીઓ ચલાવવાના કારણે ખુબ જ અવાજ આવે તેમજ આજુબાજુની મિલકતોમાં ધુજારી આવતી હોય તે અંગે ફરીયાદો સુ.મ.પા.માં કરતા તમામ નાગરીકોની અરજી કેટલી સુરત પોલ્યુશન બોડને મોકલવામાં આવેલ છે.તા.૨૮/૭/૦૯ ના પત્ર બાદ તે તમામ નકલો સહી સિકકા વાળી રેકોડ મેન્યુલ આધારીત ફાળવવી જે અંગેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–આપની તા.૭/૧૭–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૪૭/૨૦૧૦–૧૧.

શ્રી સુરેશ.એમ.પટેલ.ની તા.૧–૧–૧૧ની અરજીથી માંગેલ માહિતી આપવા બાબતે માહિતી સમય મર્યાદામાં મળેલ નહીં હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૨૮ તા.૨૧–૨–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં ખોટી માહિતીના દાવા અંગે તેમની પાસે આધાર હોય તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૮–૨–૧૧ ના પત્રથી આપેલી અરજી અંગેના આધારો રજૂ કરતાં પત્રની નકલ મળેલ છે. સાથે જાહેર માહિતી અધિકારી આપેલ પ્રત્યુત્તર સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૬૦૯ તા.૯–૨–૧૧ ની નકલ પણ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧–૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ સુરત મહાનગરપાલિકાની હદમાં ચાલતા ગીલીટ એકમોવાળા કારખાનાઓમાં જવલનશીલ પદાર્થના વપરાશને કારણે કેમીકલની તીવ્ર વાસ તેમજ જરીના મશીનોના અવાજથી આજુબાજુની મિલ્કતોમાં ધ્રુજારી આવતી હોય તેવી ફરીયાદો સુરત મહાનગરપાલિકામાં કરતાં તમામ નાગરીકોની અરજી કેટલી સુરત પોલ્યુશન બોર્ડને મોલકવામાં આવેલ છે. તા.૨૮–૭–૦૯ ના પત્ર બાદ તેવી તમામ નકલો સહી સિકકાવાળી રેકર્ડ મેન્યુઅલ આધારે ફાળવવી તેવી માહિતીની માંગણી કરતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે બાબતે સમય મર્યાદામાં કોઈ પ્રતિભાવ કે માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૭–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. તે દરમ્યાન જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ / ૧૬૦૯ તા.૯–૨–૧૧ થી " તા.૨૮–૭–૦૯ થી આજ પર્યન્ત સુરત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને એક પણ અરજી મોકલાવામાં આવેલ નથી " તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે માહિતી મળ્યેથી અપીલના આધારો રજૂ કરીશુ તેવું જણાવેલ. ત્યાર બાદ અરજદારને તા.૯–૨–૧૧ ના રોજ મળેલી માહિતી બાદ અરજદારે અપીલના આધારો સાથે તા.૧૭–૨–૧૧ ના રોજ સદર અરજીના અનુસંધાને ફરીથી અપીલ અરજી કરી આધાર સહિત જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે તે ખોટી છે. તથા આપેલી માહિતીમાં દસ્તાવેજો આપ્યા નથી અને માહિતી છુપાવવામાં આવી છે તેમજ તે અંગે આરટીઆઈ જોગવાઈઓના ભંગ બાબતે કાનૂની હુકમ કરશો તેવી રજૂઆત કરેલ છે. જેના સંદર્ભે અત્રેથી અપીલ તબકકે આરટીઆઈ સેલ/૧૩૨૮ તા.૨૧–૨–૧૧ થી બંને પક્ષકારોને પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદાર તરફથી સદર પત્રના અનુસંધાને તા.૨૮–૭–૦૯ પછી કરેલી અરજીઓની વિગતો (૧) તા.૧૮–૬–૧૦ ના રોજ સુમપાના કમિ.શ્રીને ઘ.નં.૪/૩૬૦ વાળી મિલ્કત બાબતે અરજી કરેલ. આ અરજી બાબતે કાર્યવાહી કરવા માટે સેન્ટ્રલઝોનના કાર્યપાલક ઈજનેરે મારી અરજી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ સુરત વિભાગના પ્રાદેશિક અધિકારીને સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૫૮૭ તા.૩૦–૭–૧૦ થી મોકલાવેલ.

(૨) તા.૨૪–૬–૧૦ ના રોજ સુમપાના કમિ.શ્રીને ૬/૨૩૫૫/૨ વાળી મિલ્કત બાબતે અરજી કરેલ આ અરજી બાબતે કાર્યવાહી કરવા માટે સેન્ટ્રલઝોનના કાર્યપાલક ઈજનેરે અરજી ગુજરાત પોલ્યુશન બોર્ડ સુરત વિભાગના પ્રાદેશિક અધિકારીને જાવક નં.૬૫ તા.૧૪–૭–૧૦ થી મોકલાવેલ. (૩) તા.૯–૭–૧૦ ના રોજ સુમપાના કમિ.શ્રીને ઘર નં.૪/૨૮૪ વાળી મિલ્કત બાબતે અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે કાર્યવાહી કરવા બાબતે સેન્ટ્રલઝોનના કાર્યપાલક ઈજનેરે અરજી ગુજરાત પોલ્યુશન બોર્ડ સુરત વિભાગના પ્રાદેશિક અધિકારીને સે.ઝોન/આરટીઆઈ/આ.નં. ૧૦૯૧ તા.૧–૧૧–૧૦ થી મોકલાવેલ. (૪) તા.૯–૭–૧૦ ના રોજ સુમપાના કમિ.શ્રીને ઘર નં.૪/૨૯૪ વાળી મિલ્કત બાબતે અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે કાર્યવાહી કરવા બાબતે સેન્ટ્રલઝોનના કાર્યપાલક ઈજનેરે અરજી ગુજરાત પોલ્યુશન બોર્ડ સુરત વિભાગના પ્રાદેશિક અધિકારીને સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૯૬ તા.૨–૧૧–૧૦ થી મોકલાવેલ હોવાનું તેમના તા.૨૮–૨–૧૧ ના પત્રથી અપીલ તબકકે જણાવેલ છે. આમ અરજદારે તા.૧૮–૬–૧૦, ૨૪–૬–૧૦ , તા.૯–૭–૧૦ ના રોજ આપેલ અરજીઓ આઉટવર્ડ નંબર તથા તારીખ સહિત ગુજરાત પોલ્યુશન બોર્ડ સુરત વિભાગને મોકલ્યાના આધાર તરીકે વિગતો રજૂ કરેલ છે જેથી આપવામાં આવેલી માહિતી ખોટી છે તેવી રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) મુજબ અભિપ્રાય આપવાની જોગવાઈ બતાવવામાં આવેલ હોય તેમ છતાં ગેરમાર્ગે દોરવામાં આવેલ છે તેવી રજૂઆત કરેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ અરજદારને દફતરી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે.

અરજદારે તેમના ૨૮–૨–૧૧ ના પત્ર સાથે તેમાં નિર્દિષ્ટ જીપીસીબી ના મોકલાયેલા પત્રોની નકલો રજૂ કરેલ નથી. જેથી સેન્ટ્રલઝોનના કહેવાતા સદર પત્રો જીપીસીબીની ફરીયાદો વિષયક મોકલવામાં આવેલ છે કે કેમ? સુનિશ્ચિત થઈ શકતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ફરીયાદ હકીકતમાં જણાવેલ ક્રમ નં.૧ થી ૪ અરજીની વિગતો અંગે દફતરી રેકર્ડની ફરીથી ચકાસણી કરી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. તથા અરજદારે અપીલમાં કલમ–૨(એફ) માં અભિપ્રાય આપવાની જોગવાઈઓ બાબતે મુળ અરજીથી અલાયદા પ્રશ્ન અંગે આ તબકકે અપીલનું કારણ ઉત્પન થતું ન હોઈ તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ કાનૂની ભંગ બાબતે તેવું પુરવાર થયે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગરને છે. તેથી તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી હાથ ધરવાની રહેતી નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) .....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સુરેશ.એમ.પટેલ.